## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



અંકલ... માસ્ક પહેરીને જ ઘરમાં આવવાનું... મને ખબર છે તમે ક્યાંથી આવો છો...!!!



પર્યાવરણ જાળવો પૃથ્વી બચાવો વિષય અંતર્ગત સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૪૧ કિમી લાંબી આ સાયકલ યાત્રાના સાયકલવીરો ગાંધીનગર આવી પહોંચતા તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# રૂપાલ ખાતે યોજાયેલ સાયકલોથોનમાં કલેકટર કુલદીપ આર્યએ સમગ્ર રૂટ પર સાયકલ ચલાવી

ગાંધીનગર, તા. ૨૬
આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત નિરામય ગુજરાત ઝુંબેશની સાથે આજે ગાંધીનગર જિલ્લામાં ફિટ ઈન્ડિયા ફિટ ગુજરાત સાઈકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાઈકલોથોનનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ રૂપાલ ગામના પી.એચ.સી. ખાતે યોજાયો હતો. આ સાઈકલોથોનમાં જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ સાયકલ ચલાવીને સર્વે લોકોને પ્રોત્સાહન આપ્યું હતું. સાયકલ રેલીને ગુજરાત બિન અનામત આયોગના ઉપાધ્યક્ષ રશ્મીકાંત પંડયા, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ અને મહાનુભાવોના હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.



રાજયના નાગરિકોમાં આરોગ્ય સુખાકારી જળવાઈ રહે અને તેઓને પોતાના જીવનમાં વિવિધ પ્રવૃત્તિઓ થકી શારીરિક તંદુરસ્તી રહે તેવા હેતુથી સમગ્ર રાજયમાં આજરોજ ફિટ ઈન્ડિયા ફિટ ગુજરાત સાઈકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા કક્ષાનો સાઈકલોથોન કાર્યક્રમ રૂપાલ ગામના પી.એચ. સી ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ‘સાયકલ ચલણ થકી બિન ચેપી રોગોથી મુક્તિ’નું સૂત્રની પસંદગી કરવામાં આવી છે. આ સંદેશો લોકો સુધી પહોંચે તે માટે આ કાર્યક્રમના ભાગરૂપે ગાંધીનગર જિલ્લામાં ૧૨૪ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, ૨૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને બે અર્બન હેલ્થ સેન્ટર એમ મળી કુલ અ ૧૫૫ સ્થળો ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ-૨૩૦૦થી વધુ લોકો સાયકલ સવારીમાં ભાગ લેવા નામની નોંધણી કરાવી હતી.

રૂપાલ ખાતે યોજાયેલ સાઈકલોથોનમાં ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય, તાલુકા વિકાસ અધિકારી જી.એ.ધાંધલીયા, સાયકલિસ્ટો સહિત રૂપાલ ગામના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ સાયકલ ચલાવી હતી. આ સાયકલ રેલી રૂપાલ ગામ થી રાંધેજા ચોકડી સુધી ગઈ હતી. રાંધેજા ચોકડીથી પરત ફરીને રૂપાલ ગામમાં પાછી આવી હતી. આ સમગ્ર રેલી દરમ્યાન ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય અને તાલુકા વિકાસ અધિકારી જી.એ.ધાંધલીયાએ સાયકલ ચલાવી હતી. સર્વે જોડાયેલ વિધાર્થીઓ અને સાયકલ સવારોનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમના અંતે વિધાર્થીઓને અને જોડાયેલ સાયકલ સવારોને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ પ્રસંગે રૂપાલ ગામના અગ્રણી નિતીનભાઈ પટેલ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકી સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



## ખૂણેખાંચરેથી

- આજે આજોલ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવા મકાનનું લોકાર્પણ કરાશે.
- જાહેર સેવા આયોગની વર્ગ-૧ અને ૨ની પરીક્ષાના પ્રશ્નપત્રમાં ટાઈપોગ્રાફી એરરને કારણે ૧૮૦ મિનિટ્સનો સમય ૧૨૦ મિનિટ્સ છપાયો હતો. જોકે આયોગે આ વાત ધ્યાને આવતાં તાબડતોબ જિલ્લાઓ અને કેન્દ્રો પર સૂચનાઓ આપી હતી.
- જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ હોંશભેર સાયકલોથોનમાં ભાગ લઈ ૧૦ કિ.મી.નું સાઈકલીંગ કર્યું હતું. તેમની સાથે તાલુકા વિકાસ અધિકારી ધાંધલ્યાએ પણ સાયકલીંગ કર્યું હતું.
- જિલ્લામાં ૨૯મી ડિસેમ્બર સુધી મહત્તમ તાપમાન ૩૦.૩૧ ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન ૧૩-૧૫ ડિગ્રી રહેવાની સંભાવનાઓ છે. પવનની સરેરાશ ગતિ ૭ થી ૧૩ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા હોવાનું વ્યક્ત કરવામાં આવ્યું છે.
- સે.૨૪માં આવેલ સત્યમ - શિવમ્ - સહયોગ ફ્લેટ, ઈન્દિરાનગર, હરિસિદ્ધનગર, શ્રીનગર સોસાયટીમાં વારંવાર ગટરો ઉભરાઈ જવાની ઘટનાને લઈ ભાજપના ભરતભાઈ ગોહિલે ચીફ ઈજનેર પાટનગર યોજનાને પત્ર લખી તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું છે.
- ભાજપના વૉર્ડ નં.૧૦ના કાઉન્સીલરોએ આજે સે.૬ અને ૭માં મનપાની સેવાઓને લઈ ૧૩થી પણ વધુ ફરિયાદો સાંભળી સંબંધિત વિભાગોને જાણ કરી પગલાં લેવા જણાવ્યું છે. ફરિયાદોમાં રખડતાં પશુ, વૃક્ષોનું ટ્રીમીંગ, ડેબ્રીઝ, પાર્કીંગની સમસ્યા સહિતનો સમાવેશ થાય છે.
- જી.ટી.યુ.માં આવતા શૈક્ષણિક વર્ષથી ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન લેવલના નવ નવા કોર્ષ શરૂ કરવામાં આવશે.
- દસ્તાવેજની પ્રમાણિત નગર ઓનલાઈન ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય સરકારે કર્યો છે.

# આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ‘ગુજરાતી મોનોએક્ટ મહોત્સવ’નું આયોજન

**‘આઓ ફિરસે દિયા જલાયે’ કાર્યક્રમમાં ૧૮૫૭થી લઈને ૧૯૪૭ સુધીના આઝાદી સંગ્રામના પ્રેરણાત્મક અમર પાત્રોની ડીઝીટલ એકપાત્રીય અભિનય સ્પર્ધા યોજાશે**

ગાંધીનગર, તા.૨૬
ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડીયા વિભાગે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી, સાંસ્કૃતિક સેલ ગુજરાત પ્રદેશ દ્વારા આયોજીત તથા ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગરના સહયોગથી આદરણીય અટલબિહારી બાજપાઈજીની જન્મજયંતિ અને આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાતી મોનોએક્ટ મહોત્સવ-૨૦૨૧ ‘આઓ ફિર સે દિયા જલાયે’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત ૧૮૫૭થી લઈને ૧૯૪૭ સુધીના આઝાદી સંગ્રામના પ્રેરણાત્મક અમલ પાત્રોની ડીઝીટલ એકપાત્રીય અભિનય સ્પર્ધા આઝાદી સંગ્રામના તેમના પ્રિય પાત્રને મોનો એક્ટ (એક પાત્રીય અભિનય) સ્વરૂપે રજૂ કરવા અને અભિનયની અભિવ્યસ્તિથી દેશભક્તિની જ્યોત ઝળહળતી કરવાની તક પ્રદાન કરવામાં આવશે.

જેમા અલગ-અલગ ઉંમરની કેટેગરી પ્રમાણે આ સ્પર્ધામાં ગુજરાતભરમાં વસતા ગુજરાતીઓ ભાગ લઈ શકશે, અને વિજેતાઓને આકર્ષક ઈનામો તથા માતબર રોકડ પુરસ્કાર આપી પ્રમાણપત્રથી પણ સન્માનિત કરવામાં આવશે.

આ સ્પર્ધા ડિજીટલ સ્વરૂપે હોઈ આપની કૃતિ ફોન કે કેમેરામાં શૂટ કરીને આપના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં અપલોડ કરીને (ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, યુટ્યુબમાંથી કોઈપણ એક) લિંક અમને દર્શાવેલ વૉટ્સએપ નંબર +૯૧ ૯૦૩૩૨૯૩૨૯૩ ઉપર ૧૫ જાન્યુઆરી સુધીમાં મોકલવાની રહેશે. આ સાથે સ્પર્ધકનું નામ, સરનામું, ટેલીફોન નંબર, ઈમેઈલ આઈડી આવશ્યક મોકલવા અને નંબર માત્ર લિંક અને એન્ટ્રી મોકલવા માટે જ છે, આ નંબર પર કોલ કે વૉટ્સએપ મેસેજ નહીં કરવા જણાવાયું છે.



સેકટર-૬ના ગાર્ડનમાં મહિલા યોગ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ યોગ કેન્દ્રમાં ઘણી મહિલાઓ જોડાઈ છે. યોગ શિક્ષક શ્રીમતી ઊષાબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોગનું શિક્ષણ મહિલાઓને અપાઈ રહ્યું છે.



સુશાસન દિવસ નિમિત્તે મહાનગર ભાજપ દ્વારા ચિકિત્સા નિદાન કાર્યક્રમ પેથાપુર ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બીપી, ડાયાબીટીશની તપાસ કરવામાં આવી હતી. જેનો દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

# એસએસઈ સ્કોલરશીપ પરીક્ષામાં કલોલનો વિદ્યાર્થી પ્રથમ સ્થાને

ગાંધીનગર, તા.૨૬
પ્રાથમિક-માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં શિવમ યોગેશ આચાર્યએ સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાને આવી શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યું છે.

કલોલની હોલી ચાઈલ્ડ સ્કૂલમાં અભ્યાસ કરતા શિવમ યોગેશ આચાર્યએ ૨૦૦માંથી ૧૬૧ માર્કસ મેળવીને પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ પરીક્ષામાં જિલ્લામાં કુલ ૪૧ બાળકો ઉત્તીર્ણ થયા છે. ધોરણ-૬માં તથા ધોરણઃ૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આ પરીક્ષા લેવામાં આવે છે. પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં રૂ. ૧૦૦૦ રકમ અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં રૂ. ૨૯૦૦



રકમ મળવાપાત્ર હોય છે. શિવમ આચાર્યને ૨૯૦૦રૂ. શિષ્યવૃત્તિ શાળા તરફથી ફાળવવામાં આવશે.

# રાજ્યકક્ષાની સિનિયર સિટીઝન શુટિંગ વોલીબોલ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર રનર્સઅપ

ગાંધીનગર તા.૨૬
ગાંધીનગરના રમત ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરની કચેરી દ્વારા આયોજીત સિનિયર સિટીઝન શુટિંગ વોલીબોલ રાજ્યકક્ષાની સ્પર્ધા-૨૦૨૧ નું તા ૨૪-૨૫, ડિસેમ્બર ૨૦૨૧ દરમિયાન નડિયાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગરની સિનિયર સિટીઝનની વોલીબોલની શુટિંગ ટીમે ઉપવિજેતા બની ગાંધીનગરને ગૌરવ અપાવેલ છે.



રનર્સઅપ બનેલી ગાંધીનગરની સિનિયર સિટીઝનની વોલીબોલ ટીમમાં પ્રમોદ કુમાર પરમાર, હિતેશકુમાર પટેલ, કિરીટકુમાર તાપરિયા, અતુલકુમાર બક્ષી, પ્રહલાદભાઈ પટેલ, મનજીભાઈ ચારેલ, વિનુભાઈ પટેલ, ગીરીશભાઈ ત્રિવેદી, કનૈયાલાલ પટેલ, અરુણકુમાર પારેખ સુભાષ યાદવનો સમાવેશ થાય છે.

# પીંડારડાના ફાર્મમાંથી ભેંસ અને પાડી ચોરાઈ

ગાંધીનગરની આસપાસના ગ્રામીણ વિસ્તારમાં છેલ્લાં કેટલાંક સમયથી પશુ ચોરીની ઘટના બની રહી છે અને ખાસ કરીને શિયાળાની ઋતુમાં આ પ્રકારની પ્રવૃત્તિ વધુ થઈ રહી હોવાની ફરિયાદો પણ ઉઠી રહી છે. અગાઉ જલુંદ અને મોટી આદરજ જેવા વિસ્તારમાં પણ પશુચોરીની ઘટનાઓ પ્રકાશમાં આવી હતી અને હવે પીંડારડા ખાતે એક ભેંસ તથા પાડીની ચોરીના ઘટના સર્જાવા પામી છે.

ગાંધીનગરના પીંડારાડ ગામે ગણપતભાઈ વિનુભાઈ રાઠોડના નંદીની ફાર્મ ખાતે ગઈકાલે રાત્રે એક ભેંસ અને પાડીની તેને બાંધેલ સાંકળ સહિત ચોરી થઈ જવા પામી છે જે અંગે તેમણે પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર વિનુભાઈ રાઠોડે ગઈકાલે ભેંસોનો દોહી તેનું દૂધ ડેરીમાં જમા કરાવી રાત્રે નવેક વાગે જમવા બેઠા હતા આ પછી તેમણે રાત્રે સાડા બારેક વાગે તબેલામાં પશુઓને ચારો નાંખ્યો ત્યારે ગાભણ ભેંસ અને પાડીને જોયા હતા પરંતુ જયારે તેઓ નિત્યક્રમ મુજબ આજે સવારે ચારેક વાગે ભેંસ દોહવા તબેલામાં ગયા ત્યારે તેમની ભેંસ અને તેની પાડી તેની જગ્યાએ હતી નહી અને તેમણે થોડી તપાસ કરતાં જણાવ્યું કે તેમની ભેંસ અને પાડી તેને બાંધેલી સાંકળ સહિત ચોરી થઈ જવા પામી છે.

# ગુજરાતમાં ૧૦૦ થી ૧૫૦ મીટર ઉંચી ઈમારતો બનશે, પરંતુ પ્લાન પાસ થતાં નથી

**હવે નવો એવો નિયમ કાઢ્યો કે જે ડેવલપર્સે ઉંચી ઇમારતોનું નિર્માણ કરવું હશે તેમણે ૧૦૦ વર્ષના આયુષ્ય સાથે સ્ટ્રક્ચરલ ડિઝાઇન બનાવવી પડશે**

ગાંધીનગર
ગુજરાતમાં બહુમાળી મકાનો એટલે કે ૧૦૦ થી ૧૫૦ મીટરના મકાનો બનાવવા માટે રાજ્ય સરકારે મંજૂરી આપી છે પરંતુ આ ઈમારતો માટે શહેરી વિસ્તારમાં પ્લાન પાસ થતાં નથી. એવું કારણ આપવામાં આવે છે કે આટલી ઉંચી ઈમારત બનાવવી હોય તો જે તે ડેવલપર્સે મકાનના સ્ટ્રક્ચરની ડિઝાઈન ૧૦૦ વર્ષના આયુષ્ય સાથે રજૂ કરવી પડશે.

ગુજરાત સરકારે એક વર્ષ પહેલાં કોમન જીડીસીઆરમાં સુધારો કરી અમદાવાદ સહિતના શહેરોમાં ૧૦૦ થી ૧૫૦ મીટર ઉંચી ઈમારતો બનાવવાની મંજૂરી આપવાનું નક્કી કર્યું હતું અને તે પ્રમાણે ફાઈનલ જાહેરનામું પણ રજૂ કરી દેવામાં આવ્યું હતું. જો કે ગાંધીનગરમાં યોજાયેલી એક બેઠકમાં એવું નક્કી થયું હતું કે આટલી ઉંચી ઈમારતનું આયુષ્ય પણ વધારે હોવું જોઇએ જેથી બિલ્ડર કે ડેવલપર્સે પ્લાનની સાથે ૧૦૦ વર્ષના આયુષ્યવાળી ડિઝાઈન પણ રજૂ કરવી પડશે.

અમદાવાદના એક કેસમાં ૧૦૮ મીટર એટલે કે ૩૩ માળની એક ઈમારતનો પ્લાન મંજૂરી માટે આવ્યો હતો પરંતુ તેમાં ક્વેરી કાઢવામાં આવી હતી. આ પ્લાનમાં ઈમારતની જે ડિઝાઈન મૂકવામાં આવી હતી તેમાં ૧૦૦ વર્ષના આયુષ્ય અંગેનો કોઈ ઉલ્લેખ ન હતો. સ્ટ્રક્ચરલ કમિટીના સભ્યોએ એક નહીં ૩૦ જેટલી ક્વેરી કાઢી હતી. આ ઈમારતની ડિઝાઈન ૫૦ વર્ષના આયુષ્યને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવી હતી જે રિજેક્ટ કરી દેવામાં આવી હતી અને ડેવલપર્સને કહેવામાં આવ્યું હતું કે સ્ટ્રક્ચરલ ડિઝાઈન બદલવાની રહેશે.

એક્સપર્ટ ઈજનેરોએ બેઠકમાં એવો મત વ્યક્ત કર્યો હતો કે, જ્યારે ૧૦૮ મીટરની ઊંચાઈની ઈમારતને મંજૂરી આપવામાં સૌથી મહત્ત્વનું પાસુ ઈમારતનું આયુષ્ય છે. આવી ઊંચાઈની ઈમારત મંજૂર કરવામાં આવે તો ઓછામાં ઓછું ૧૦૦ વર્ષનું આયુષ્ય હોવું જોઈએ. જો ૫૦ વર્ષના આયુષ્યવાળી ઈમારત હોય તો ફરી ૫૦ વર્ષ બાદ રિ-ડેવલપમેન્ટ કરવું પડે અને ફરી તેટલોને તેટલો ખર્ચ ભોગવવો પડે તે યોગ્ય નથી. જો કે ડેવપર્સે ફરીથી ડિઝાઈન રજૂ કરતાં તેમનો પ્લાન ૧૫ દિવસમાં પાસ થયો છે.

ઉંચી ઈમારતો માટે એક્સપર્ટ તરફથી કુરદતી આપત્તિ જેવી કે, સાયક્લોન કે ભૂકંપપ્રૂફ બાંધકામ માટે પણ કેટલાંક સૂચનો કરવામાં આવ્યા છે. ફાયર સેફ્ટીના કેટલાંક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે. રાજય સરકારે ૨૦૧૪માં મંજૂર કરેલા જીડીસીઆરમાં ૪૫ મીટરથી વધુ ઉંચાઈ અને ૭૦ મીટર સુધીની ઊંચાઈના બિલ્ડિંગને મંજૂરી આપવા માટે જોગવાઈ કરી હતી. જેના માટે પણ કમિટી બનાવી હતી. જેમાં અત્યાર સુધીમાં ૫૦ બિલ્ડિંગને મંજૂરી આપવામાં આવી છે.

# આઝાદીના અમૃત મહોત્સવ સંદર્ભે સે.૨માં સાયકલ રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૨૬
આઝાદીના અમૃત મહોત્સવ સંદર્ભમાં સેક્ટર-૨ના સિટીઝનના ગૃપના અગ્રણી પ્રમોદભાઈ દવેકાકાએ ઉપસ્થિત રહી સાયકલ રેલીમાં ભાગ લીધો



સરકારી દવાખાના અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી એક સાઈકલ રેલીનો રેલીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં સરકારી દવાખાનાના તમામ સભ્યો સેકટરના અગ્રણી વસાહતીઓ, હેલ્થ સેન્ટરના ડોકટર ઋત્વિજ આચાર્ય તેમજ સિનિયર હતો. આ સાથે અર્બન હેલ્થ સેન્ટરના કોરોના વોરિયર્સ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો જેમાં મહેશભાઈ રાવળ, હિમાંશુ પરમાર, દિવ્યેશ પરમાર, અજય, અશ્મિ પટેલ, કૈલાસબેન, નેહલબેન, જીનલબેન વગેરે પણ જોડાયાં હતાં.

# પરષોત્તમભાઈ રૂપાલાએ ગાંધીનગર ખાતે ’મન કી બાત’ કાર્યક્રમ નિહાળ્યો

**મહાનગરના વિવિધ વોર્ડ/વિસ્તારમાં બુથસ્તરે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ’મન કી બાત’ કાર્યક્રમને સાંભળવાનું આયોજન કરાયું હતું**

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશના લોકલાડીલા અને યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસંવાદ કાર્યક્રમ ’મન કી બાત’ કાર્યક્રમને ભાજપા કાર્યકર્તાઓ તથા સ્થાનિક રહેવાસીઓ રેડિયો, ટીવી, મોબાઈલ એપ વગેરેના માધ્યમથી ઉમળકાભેર સાંભળે છે, ભાજપા સંગઠન દ્વારા બુથસ્તરે આ કાર્યક્રમને સાંભળવાનું આયોજન

આજરોજ કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમભાઈ રૂપાલાજીએ ગાંધીનગર ખાતે ડૅ.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલના નિવાસસ્થાને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો ’મન કી બાત’ કાર્યક્રમ નિહાળ્યો. આ પ્રસંગે મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ડૅ.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, ગાંધીનગર

દેશની જનતા સાથે વાત કરે છે, બહોળા પ્રમાણમાં દેશની જનતા મન કી બાત કાર્યક્રમને નિહાળે છે. આ ઉપરાંત તેમણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૫ થી ૧૮ વર્ષના ટીનેજર્સ માટે ૩ જાન્યુઆરીથી રસીકરણ તેમજ ફ્રન્ટલાઈન વર્કર્સ અને ૧૦ જાન્યુઆરીથી ૬૦ થી વધુ વર્ષના કોમોર્બીડિટીવાળા નાગરિકોને બુસ્ટર ડોઝ આપવાની કરેલી જાહેરાતને આવકારી હતી અને



કરવામાં આવે છે ત્યારે આજે ડિસેમ્બર માસના અંતિમ રવિવારે ભાજપા દ્વારા મહાનગરના વિવિધ વોર્ડ/વિસ્તારમાં બુથસ્તરે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ’મન કી બાત’ કાર્યક્રમને સાંભળવાનું આયોજન કરાયું હતું જેમાં સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, અગ્રણીશ્રીઓ, કાર્યકર્તાઓ જોડાયા હતા.

મહાનગરના મહામંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમભાઈ રૂપાલાજીએ ઈલે.મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ’મન કી બાત’ મારફત અલગ અલગ વિષયો અને મુદ્દાને સ્પર્શતી બાબતો પર જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશે કોરોના સામે મજબૂત લડત લડી છે, વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન ભારતમાં ચાલી રહ્યું છે, ૧૪૦ કરોડથી વધુ કોરોના વેકસીનના ડોઝ દેશના નાગરિકોને અપાઈ ચુક્યા છે, જેનાથી કોરોના સામેની લડાઈ વધુ મજબૂત બની છે.